આજ તારીખ: ૧૩ મી માહે ૧૦ સને ૨૦૦૫.

---

શહેર સુરતના વરાછા રોડ પર આવેલી સીટી સરવે મુજબ વોર્ડ નવાગામ ના સીટી સરવે નંબર: ૧૨૦૧ તથા ૧૨૮૮ થી નોંધાયેલી જમીન પર સંયુકત રીતે કરવામાં આવેલા બાંધકામ પૈકી પહેલા માળે આવેલી ૧૬૧.૮૯ સમચોરસ ફૂટ ક્ષેત્રફળની મિલકતનો વેચાણ દસ્તાવેજ.

---

# વેચાણ દસ્તાવેજ

---

ગોધાણી જેમ્સ.

ખરીદનાર.

વજેશ એન્ટરપ્રાઈઝ.

વેચનાર.

---

દસ્તાવેજ તારીખ: ૧૩/૧૦/૨૦૦૫

દસ્તાવેજ નોંધણી નંબર: ૧૦૩૩૮

દસ્તાવેજ નોંધણી તારીખ: ૧૩/૧૦/૨૦૦૫

સ્ટેમ્પ ડયુટી રૂા. ૪૨૦૦/-

રજીસ્ટ્રેશન ફી રૂા.

---


PHONE NO.2474401

## L.G.LAIWALA & HITESH LAIWALA

ADVOCATES,

56-57,RIVERPALACE, OLD CIVIL COURT RD.

NANPURA, SURAT- 395 003.

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

508055

ર.નં. ૩૨૩૯૭

તા. ૨૯/૯/૨૦૦૫

યોગેશ યશવંતલાલ દેસાઈ
નાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટેમ્પ વેન્ડર લાયસન્સ ૩/૯૮

THE SEAL OF THE SUB REGISTRAR SURAT - NAVAGAM

SRT / 3 / NGM

10338 1/15

2005



વેચાણ દસ્તાવેજ રૂા. ૫૦,૦૦૦/– પુરાનો.

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये

ONE THOUSAND RUPEES

रु.1000

Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

508056

ર. નં: 323૯

તા - ૨૯/૯/૨૦૦૫

ઇસ્તક

યોગેશ યશવંતલાલ દેસાઈ
નાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટેમ્પ વેન્ડર લા. નં. ૩/...

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-3 (NAVAGAM) *

SRT / 3 / NGM
10338 2/15
2005

સંવત ૨૦૬૧ ના આસો સુદ અગિયારસ ને વાર ગુરુ
તારીખ ૧૩ મી માહે ઓક્ટોબર સને ૨૦૦૫ ના અંગ્રેજી દિને:

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

508057

SRT / 3 / NGM

10338 3/5

2005

<u>તમો ખરીદનાર :</u>

ગોધાણી જેમ્સ, એક ભાગીદારી પેઢી, ધંધો વેપાર, ઠેકાણું: પટવા કોલોની, વરાછા રોડ, સુરતના તરફે અને વતી ભાગીદાર રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી, જાતના હિંદુ, ઉ.આ.વ. 30, ધંધો વેપાર, ઠેકાણું: એજનના

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

508058

THE SEAL OF THE SUB REGISTRAR SURAT

SRT / 3 / NGM

10338 4/15

2005

જોગ લી. અમો વેચાણ આપ

વ્રજેશ એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢી, તરફે અને વતી ભાગીદારોઃ

૧. ચંદ્રકાંત જગમોહનદાસ પટવા, ઉ.આ.વ. ૬૦

૨. રંજનબેન ધીરેન્દ્ર પટવા, ઉ.આ.વ. – ૫૭

સર્વે જાતના હીંદુ, ધંધો વેપાર, રહેવાસીઃ અઠવાલાઈન્સ, સુરતના.

भारतीय गैर न्यायिक

पचास रुपये

FIFTY RUPEES

रु.50 Rs.50

भारत

सत्यमेव जयते

INDIA

INDIA NON JUDICIAL

गुजरात GUJARAT

A 540497

૩૨૩૯૯

૨૯/૯/૨૦૦૫

ખરીદનાર તેઓશ્રી

યોગેશ યશવંતલાલ દેસાઈ
નાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટેમ્પ વેન્ડર લા. નં. ૩/૯૪

THE SEAL OF THE SUB REGISTRAR * સબ રજીસ્ટ્રાર સુરત-૩ (નવાગામ) ની સિક્કો * SURAT-3 (NAVAGAM)

| SRT / 3 / NGM |
|---|
| 10338 5/15 |
| 2005 |

<u>તથા અમો કન્ફર્મીંગ પાર્ટી</u> :

હિરાલાલ નાનજીભાઈ ગોધાણી, જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૦, ધંધો વેપાર, રહેવાસી ૧૧, અશ્વીન સોસાયટી, વરાછા રોડ, સુરતના

भारतीय गैर न्यायिक

पचास रुपये

FIFTY RUPEES

रु.50

Rs.50

भारत

सत्यमेव जयते

INDIA

INDIA NON JUDICIAL

गुजरात GUJARAT

A 540498

ક્ર. નં. ૩૨૩૬૦

તા. ૨૮-૬-૨૦૦૫

યોગેશ યશવંતલાલ દેસાઈ
નાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટાંપ વેન્ડર લા. નં. ૩/૯૪

THE SEAL OF THE SUB REGISTRAR સુરત-3. (નવાગામ) SURAT-3 (NAVAGAM)

SRT / 3 / NGM
10338
2005

જત અમો આ [illegible] દસ્તાવેજથી અમારી સ્વતંત્ર માલીકીની શહેર સુરતના વોર્ડ નવાગામ, સીટી સર્વે નંબર: ૧૨૦૧ થી નોંધાયેલી આશરે ૬૫૧.૬૧ સમચોરસ મીટર જમીન તથા ૧૧૮૮ થી નોંધાયેલી ૩૮૫.૪૪ સમચોરસ મીટર જમીનમાં પ્રમાણસર ૧/૪ હીસ્સાની જમીન પર સંયુક્ત રીતે કરવામાં આવેલા બાંધકામ પૈકી પહેલા માળે રૂમ નંબર: ૧ ની પશ્ચિમે આવેલી ૧૬૧.૮૯ સમચોરસ ફૂટ ક્ષેત્રફળ

भारतीय गैर न्यायिक

पचास रुपये

रु.50

भारत

सत्यमेव जयते

INDIA

FIFTY RUPEES

Rs.50

INDIA NON JUDICIAL

गुजरात GUJARAT

A 540499

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-3 (NAVAGAM) *

SRT / 3 / NGM

10338 7/15

2005

વાળી મિલકત જેને હવેપછી આ દસ્તાવેજમાં "સદરહુ મિલકત" તરીકે સંબોધવામાં આવી છે અને જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં આપેલું છે તે મિલકત તમોને રૂા.૨૦,૪૬૪/– પુરાના કિંમતી અવેજ બદલ વેચાણ આપીએ છીએ સહી. અને અમો કન્ફર્મીંગ પાર્ટી રૂા.૨૯,૫૩૬/– પુરાના કિંમતી અવેજ બદલ આ દસ્તાવેજ કબુલ રાખીએ છીએ સહી.

भारतीय गैर न्यायिक

पचास रुपये

रु.50

भारत

सत्यमेव जयते

INDIA

FIFTY RUPEES

Rs.50

INDIA NON JUDICIAL

गुजरात GUJARAT

A 540500

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3 (NAVAGAM)

SRT / 3 / NGM

10338 8/15

2005

સદરહુ વોર્ડ નવાગામ, સીટી સરવે નંબરઃ ૧૨૦૧ થી નોંધાયેલી ૬૧૧.૬૧ સમચોરસ મીટર ક્ષેત્રફળ વાળી મિલકત તે ઉપર આવેલા જૂના બાંધકામ સાથે મૂળ ચંદ્રકાંત જગમોહનદાસ પટવાની માલીકીની હતી. ચંદ્રકાંત જગમોહનદાસ પટવા અને રંજનબેન ધીરેન્દ્ર પટવા એ તારીખઃ ૪/૨/૧૯૮૭ ના રોજ ભાગીદારી લેખની રૂએ મેસર્સ વ્રજેશ એન્ટરપ્રાઇઝ ના નામથી ભાગીદારી પેઢી શરૂ કરેલી અને તે ભાગીદારીના લેખમાં જણાવેલી વિગતે ચંદ્રકાંત જગમોહનદાસ પટવા એ પોતાની માલીકીની ઉપરોક્ત મિલકત તેમજ વોર્ડ નવાગામ, સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી સહીયારી માલીકીની મિલકત પૈકીના વગર વહેંચાયેલો ૧/૪ હીસ્સો પેઢીમાં મૂડીરોકાણ

THE SEAL OF SUB-REGISTRAR SURAT

સ્ટે / 3 / ICGM
10338 4/15
2005

તરીકે સોંપેલો અને મિલકતનો કબજો પણ પેઢીને સોંપેલો. ત્યારથી ઈન્ડીયન પાર્ટનરશીપ એકટ ની કલમ ૧૪ એ આધિન સદરહુ મિલકત પેઢીની મિલકત થયેલી અને પેઢીની મિલકત ગણાતી આવેલી. પેઢીએ સદરહુ જૂની ઈમારતમાં પાર્ટીશન વોલ બનાવીને દુકાનોનું આયોજન કરેલું તે પૈકી પહેલા માળે ઓફિસ નંબરઃ ૧ ની પશ્ચિમે આવેલી ૧૬૧.૮૯ સમચોરસ ફૂટ ક્ષેત્રફળ વાળી મિલકત અમે કન્ફર્મીંગ પાર્ટીને વેચાણ આપવાનું નકકી કરેલું અને તેઓ જે નામે વેચાણ દસ્તાવેજ કરી આપવાનું જણાવે તે નામે વેચાણ દસ્તાવેજ કરી આપવાની અમે કબુલત આપેલી. કન્ફર્મીંગ પાર્ટીએ આ દસ્તાવેજ તમો ખરીદનાર ની તરફેણમાં કરી આપવાની સૂચના આપેલી હોવાથી આ વેચાણ દસ્તાવેજ તમો ખરીદનારની તરફેણમાં કરી આપ્યો છે. તમારા ટાઈટલમાં ખામી ન રહે તે હેતુથી કન્ફર્મીંગ પાર્ટી પણ દસ્તાવેજ કરવામાં સામેલ થયા છે.

આ મુજબ સદરહુ મિલકત અમારી સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા વહીવટની છે અને અમોને તેની હરકોઈ પ્રકારે વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર છે. સદરહુ મિલકતની અમોએ આ અગાઉ ગીરો, વેચાણ, બક્ષીસ, ભાડે કે અન્યથા વ્યવસ્થા કરી કરાવી નથી કે તે કોઈને વેચાણ યા અન્યથા આપવાનું લેખિત કે મૌખિક કબુલ્યું નથી. સદરહુ મિલકત પર કોઈનું કરજ યાને લીયન કે બોજો નથી કે તે કોઈ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી. મજકુર મિલકત દિવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટના પ્રકરણમાં દાવાનો વિષય નથી. સદરહુ મિલકત અંગે અમે કોઈ ટ્રસ્ટ યા સેટલમેન્ટ કર્યું કરાવ્યું નથી કે તે કોઈના જામીન થઈને જામીનગીરીમાં લખી આપી નથી. સદરહુ મિલકત અમે કોઈને ઈકવીટેબલ મોરગેજમાં પણ આપી નથી કે કોઈ સાથે ભાગીદારી કરીને મૂડી રોકાણ તરીકે સોંપી નથી. સદરહુ મિલકત પર કોઈનો ખોરાકી પોષાકી કે રહેઠાણનો બોજો નથી કે તે ઉપર સરકારી લેણા જેવા કે ઈન્કમ ટેક્ષ, સેલ્સ ટેક્ષ વિગેરેનો બોજો નથી. સદરહુ મિલકત પર સરકારી, અર્ધ સરકારી કે સ્થાનિક સંસ્થાનું એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશન નથી કે તે મતલબની કોઈ નોટીશ અમોને બજાવવામાં આવી નથી. ટૂંકમાં સદરહુ મિલકત અંગે અમારો કોઈ ગીરોદાર, દાવેદાર, હીસ્સેદાર કે બીજી કોઈ રીતનો હકક કરનાર કોઈ નથી અને અમોને સદરહુ મિલકતની હરકોઈ પ્રકારે

THE SEAL OF ... SURAT-3 (NAVAGAM)
SRT / 3 / NGM
10338 10/15
2005

વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર છે તેવો તમોને વિશ્વાસ અને ભરોસો આપીને અમે આ દસ્તાવેજ કરી આપ્યો છે, તેમ છતાં જો કોઈ ભવિષ્યમાં સદરહુ મિલકત પર અમારા થકી કાંઈપણ હકક કરે તો તેનું જોખમ અમારા શીર છે અને તે અમારે અમારા ખર્ચે દુર કરાવી આપવા સહી. તેમ છતાં જો તેવાં કોઈ હકક યા પ્રકરણના કારણે તમોને કે તમારા વંશ વાલી વારસોને કાંઈ પણ ખર્ચ અને નુકસાન થાય તો તે અમારે તથા અમારા વંશ વાલી વારસોએ ભરપાઈ કરવું સહી. હવે સદરહુ મિલક્ત પર અમારે કે અમારા થકી હરકોઈએ કાંઈપણ હકક કરવા નહી અને કરીએ તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી.

આ દસ્તાવેજના અવેજના રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા પૈકી રૂા.૨૦,૪૬૪/- અમો વેચાણ આપનારાના હીસ્સાના છે અને રૂા. ૨૯,૫૩૬/- અમો કન્ફર્મીંગ પાર્ટીના હીસ્સાના છે. અમો દરેકને અમારા હીસ્સા મુજબની રકમ ચુકતે મળેલી છે જે મળ્યા બદલની અમો આથી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં અવેજ ન મળ્યાની કે ઓછો મળ્યાની અમારે કોઈ તકરાર કરવી નહી અને કરીએ તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી. સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો ખરીદનારને સોંપી દીધો છે. આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકતના સ્વતંત્ર માલીક અને પ્રત્યક્ષ કબજા વહીવટદાર થયા છો.

વોર્ડ નવાગામ, સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી જમીન પેસેજ સ્વરૂપ ની મિલકત છે. વોર્ડ નવાગામ સીટી સરવે નંબરઃ ૧૧૯૯ તથા ૧૨૦૦ તથા ૧૨૦૧ ની મિલકતના માલીકોએ પોત પોતાની મિલકત ઉપર જે બાંધકામ કર્યા છે તે બાંધકામમાં જઈ આવી શકાય તે માટે સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી ત્રણે મિલકતોના માલીકોની સહીયારી મિલકતમાં સહીયારા માલીકી અને કબજા વપરાશના હકકો રાખવામાં આવ્યા છે તે અનુસાર ૨૩ ફૂટ પહોળાઈની પેસેજ વાળી મિલકતમાં અમારા ઉપરાંત બાજુના સીટી સરવે નંબરના માલીકો તથા તેમની મિલકતના કબજેદારોના સહીયારા કબજા વપરાશનો હકક છે તે હકકને આધિન સદરહુ મિલકત અમે તમોને વેચાણ આપી છે સહી. તેથી તમો પણ સદરહુ પેસેજની જગ્યામાં થઈને જવા આવવા તથા માલ સામાન લઈ જવા લાવવાને હકકદાર રહેશો. પરંતુ પેસેજની મિલકતમાં કોઈપણ કાયમી કે હંગામી રોકાણ થઈ શકે નહી કે તેમાં કાચું પાકું બાંધકામ

10 338 11/15
2005

કરી અંતરાય, અવરોધ કરી શકાય નહીં. વધુમાં તમોને માત્ર પહેલા માળની ઓફિસ નંબરઃ ૧ ની પશ્ચિમે આવેલી ૧૬૧.૮૯ સમચોરસ ફૂટ ક્ષેત્રફળ વાળી મિલકત વેચાણ આપવામાં આવી છે તે સિવાય બીજા કોઈ ભાગ ઉપર તમારા માલીકી હકક કે કબજા વપરાશના હકકો આપવામાં આવ્યા નથી. દુકાનની ત્રણે તરફની દિવાલો કોમન પાર્ટીશન વોલ છે અને તેથી તમારે તે દિવાલમાં તોડફોડ કરવી નહી કે તે દિવાલમાં કોઈપણ નુકશાન કરવાનું નથી. વધુમાં અમે સદરહુ મિલકતની ઉપર માળના ભાગે વધારાનું બાંધકામ કરવા હકકદાર રહેશું અને તેમાં તમારાથી કોઈ વાંધો લઈ શકાશે નહી અને વાંધો લો તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી. ભોંયતળિયાની દુકાન સાથે તમને હાલની તથા ભવિષ્યમાં બાંધવામાં આવે તેવી મિલકત નીચે આવેલ જમીનમાં કુલ બાંધકામના સાથેના પ્રમાણમાં વગર વહેંચાયેલો પ્રમાણસર હીસ્સો રહેશે. તે સિવાય સદરહુ મિલકત પર કોઈના જવા આવવાના, હવા ઉજાસના, પાણીના નિકાલના કે બીજી કોઈપણ રીતના ઈઝમેન્ટના હકકો નથી.

આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકતના સ્વતંત્ર માલીક થતા હોવાથી મજકુર મિલકતની પોતાની મરજીમાં આવે તે મુજબ હરકોઈ પ્રકારે વહીવટ વ્યવસ્થા કરવા માલીક મુખત્યાર છો સહી. સદરહુ મિલકતને લગતા કબજો તમોને સોંપવામાં આવ્યો ત્યારથી તમામ વેરા, જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર, વિશેષધારો, આઉટગોઈંગ્સ તથા સરકારી લેણાના ડયુઝ તમો ભરતા આવેલા છો અને બાકી હોય તો તે તમારે ભરવાના રહેશે. હવે પછીના મજકુર મિલકતને લગતા તમામ વેરા વિગેરે ભરવાની જવાબદારી પણ તમો ખરીદનારના શીરે છે. આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકત સરકારી અર્ધ સરકારી તથા સ્થાનિક સંસ્થાના રેકર્ડ ઉપર સીટી સરવે કચેરીના રેકર્ડ ઉપર તથા મ્યુનીસીપલ દફતરે તમારા નામે દાખલ કરાવી શકો સહી અને તે માટે અમારી સહી સંમતી કબુલાત અમારે આપવી સહી અને તેવી સંમતી અને કબુલાત ગણી લેવાય સહી.

વેચાણ આપેલી મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના વરાછા રોડ પર આવેલી સીટી સરવે મુજબ વોર્ડ નવાગામ ના સીટી સરવે નંબરઃ ૧૨૦૧ થી

SRT / 3 / NGM

10338 12/15

2005

નોંધાયેલી આશરે ૬૧૧.૬૧ સમચોરસ મીટર જમીન તથા ૧૨૮૮ થી નોંધાયેલી ૩૮૫.૪૪ સમચોરસ મીટર જમીનમાં પ્રમાણસર ૧/૪ હીસ્સાની જમીન પર સંયુકત રીતે કરવામાં આવેલા બાંધકામ પૈકી પહેલા માળે ઓફિસ નંબરઃ ૧ ની પશ્ચિમે આવેલી ૨૨ ફૂટ ૩ ઈંચ × ૭ ફૂટ ૩ ઈંચ માપ વિસ્તારની કુલ્લે આશરે ૧૬૧.૮૯ સમચોરસ ફૂટ ક્ષેત્રફળ વાળી મિલકત તેને લગતી સમગ્ર ઈમારત નીચે આવેલી જમીનમાં બાંધકામના પ્રમાણમાં વગર વહેંચાયેલા અવિભાજયની હીસ્સાની જમીન સાથે દરોબસ્ત.

સદરહુ મિલકતની હાલની બજાર કિંમત રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરાની છે તેથી આ વેચાણ દસ્તાવેજ રૂા.૪,૨૦૦/- પુરાના જનરલ સ્ટાંપ પર કરવામાં આવ્યો છે. સ્ટાંપ ડયુટી, રજીસ્ટ્રેશન ફી તથા વકીલ ફી તમો ખરીદનારના શીરે છે. ભવિષ્યમાં વધારાની સ્ટાંપ ડયુટી ભરવાની થાય તો તે પણ તમો ખરીદનારે ભરવાની રહેશે. સદરહુ મિલકતને લગતા જુના દસ્તાવેજો તથા હકક દર્શક પુરાવાઓ તમોને સોંપી દીધા છે.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી અકકલ હોંશીયારી અને બીનકેફમાં વાંચી, વંચાવી, સમજીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર સ્વેચ્છાએ કરી આપ્યો છે જે અમોને તથા અમારા વંશ વાલી વારસોને તમામ રીતે કબુલ મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે ———————— મતુ તત્રે ———————— શાખ.

વ્રજેશ એન્ટરપ્રાઈઝ,
એક ભાગીદારી પેઢી તરફે અને વતી ભાગીદારો:

(ચંદ્રકાંત જગમોહનદાસ પટવા)

(રંજનબેન ધીરેન્દ્ર પટવા)

(હિરાલાલ નાનજીભાઈ ગોધાણી)

THE SEAL OF THE SUB REGISTRAR

SRT / 3 / NGM
10338 13/15
2005

ખરીદનારઃ

ગોધાણી જેમ્સ, એક ભાગીદારી પેઢી,

તરફે અને વતી ભાગીદાર

રમેશભાઈ વીરજીભાઈ ગોધાણી



R.V.Godhani

For Godhani Gems

R.V.Godhani

વેચનાર :

વ્રજેશ એન્ટરપ્રાઈઝ,

એક ભાગીદારી પેઢી,

તરફે અને વતી ભાગીદારોઃ

૧.ચંદ્રકાંત જગમોહનદાસ પટવા,



૨.રંજનબેન ધીરેન્દ્ર પટવા

રંજના ડી. પટવા.



રંજના ડી પટવા.



| | |
|---|---|
| અનુક્રમ નંબર ૧૦૩૩૮<br>સને ૨૦૦૫ ના ઓક્ટોબર માસની<br>૧૪ મી તારીખે ૧૧ થી ૧૨<br>વાગ્યાની વચ્ચે સુરત-૩ (નવાગામ) સબ<br>રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો. | પહોંચ નંબર :- ૨૭૭૧૦૩૯<br>ફી પહોંચી છે તે રુ. પૈસા.<br>નોંધવાની ફી :- ૮૨૫<br>ફોટો ફી પાનના( ૧૬ ):- ૧૬૦<br>ટપાલ :- ૫૫<br><br>એકંદરે કુલ :- ૧૦૪૦ |

( અંકે રુપિયા એક હજાર ચાલીસ પુરા. )




SRT / 3 / NGM
10338 14/15
2005

ચંદ્રકાંત જ. પટવા

ચંદ્રકાંત જગમોહનદાસ પટવા તે વ્રજેશ એન્ટરપ્રાઈઝના ભાગીદાર

( યુ સી ચૌધરી )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

( યુ સી ચૌધરી )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| અનુ. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અ.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| | આપનાર | | | | |
| ૧. | ચંદ્રકાંત જગમોહનદાસ પટવા તે વ્રજેશ એન્ટરપ્રાઈઝના ભાગીદાર (વેપાર) અઠવાલાઈન્સ,સુરત | ૬૦ |  |  | ચંદ્રકાંત જ.પટવા |
| ૨. | રંજનબેન ધીરેન્દ્ર પટવા તે વ્રજેશ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના ભાગીદાર (વેપાર) અઠવાલાઈન્સ,સુરત | ૫૭ |  |  | રંજના ડી. પટવા. |
| | સંમતી આપનાર | | | | |
| ૩. | હીરાલાલ નાનજીભાઈ ગોધાણી પોતેજાતે તથા નીચેના ના કુ.મુ. (વેપાર) વરાછા રોડ, સુરત | ૫૦ |  |  | હીરાલાલ નાનજીભાઈ ગોધાણી |

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

ચંદ્રકાંત જ.પટવા
રંજના ડી. પટવા.
હીરાલાલ નાનજીભાઈ
ગોધાણી

૧. મોહનભાઈ જેસાભાઈ ચૌધરી (વકીલ ના કલાર્ક)
નાનપુરા, સુરત

| |
|---|
| જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે. |

૧. મોહનભાઈ જેસાભાઈ ચૌધરી

SRT / 3 / NGM
10338 15/15
2005

તારીખ ૧૪ માહે ઓક્ટોબર - ૨૦૦૫

( યુ સી ચૌધરી )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| |
|---|
| બજાર કિંમત નક્કી કરવા અંગેનું ફોર્મ નં.૧ રજુ થયેલ છે.<br>તા. ૧૪/૧૦/૨૦૦૫ |

( યુ સી ચૌધરી )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

મુંબઈ સ્ટેમ્પ મિલ્કતના બજાર કિંમત
નક્કી કરવા બાબત નિયમો ૧૯૮૪ ના
નિયમ-૩(૨) અન્વયેની ઈન્ટીમેશન
ઠ નં૧૦૩૩૪/૨૦૦૫ તા.૧૪/૧૦/૦૫
મુજબ ખુટતી સ્ટેમ્પ ડયુટી રૂ.૫.૬.૫૬૮।-
અંકે રૂ. [illegible] પાનાનાં વ્યઠાન પુરા.
રસીદ નંબર : ૨૭૭૨૩૨૬
ભરપાઈ કરી
તારીખ : ૧૯/૧૦/૦૫

(ઉ. સી. ચૌધરી)
સબ રજીસ્ટ્રાર
સુરત-૩, (નવાગામ)

૧ નંબર ની બુકના
૧૦૩૩૮ નંબરે નોંધ્યો
તા. ૧૯ - ૧૦ - ૨૦૦૫

૧૯/૧૦/૦૫
(ઉ. સી. ચૌધરી)
સબ રજીસ્ટ્રાર
સુરત-૩, (નવાગામ)

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT 3 NAVAGAM *
સબ રજીસ્ટ્રાર સુરત-૩ (નવાગામ) ની સિક્કો